# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૪/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

**ચેમ્બરના ડેલીગેશને શ્રીલંકા ખાતે ઈન્ટરનેશનલ ટ્રેડના મંત્રીશ્રી તથા ઈન્ડીયન એમ્બેસી, નેશનલ જેમ એન્ડ જવેલરી ઓથોરીટી અને ધી નેશનલ ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાત લઇ સુરત અને શ્રીલંકા વચ્ચે વેપારીક સંબંધો વિકસાવવા વિશે મહત્વની ચર્ચા વિચારણા કરી**

**ચેમ્બરના પ્રતિનિધી મંડળે શ્રીલંકા ખાતે સાથે મળીને ટેક્ષ્ટાઇલ એકઝીબીશનનું આયોજન કરવા ઇન્ટરનેશનલ ટ્રેડના મંત્રીશ્રીને રજૂઆત કરી**

**હીરા ઉદ્યોગને વધુ વેગ મળી શકે તે આશયથી 'બી ટુ બી સ્પાર્કલ એકઝીબીશન'માં શ્રીલંકાના હીરાના વેપારીઓને બાયર્સ તરીકે પધારવા માટે પણ અનુરોધ કરવામાં આવ્યો**

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઇ, ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયા, તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતા, માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇ, ભુતપુર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતા, એડમિનિસ્ટ્રેશન સેલના હેડ શ્રી અતુલ પાઠક, રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદી સહિતના ચેમ્બરના પ્રતિનિધી મંડળે તા. ૧૧ સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન શ્રીલંકાની મુલાકાત લીધી હતી.

શ્રીલંકાના ડેવલપમેન્ટ સ્ટ્રેટેજીસ એન્ડ ઈન્ટરનેશનલ ટ્રેડના માનનીય મંત્રી શ્રી મલિક સમરાવિક્રમા અને સેક્રેટરી શ્રી એસ.ટી. કોડીકારા સાથે ચેમ્બરના પ્રતિનિધી મંડળે બેઠક કરી હતી. જેમાં મંત્રીશ્રીની સાથે સાથે બોર્ડ ઓફ ઇન્વેસ્ટમેન્ટ ઓફ શ્રીલંકાના ચેરમેન એન્જીનિયર મંગાલા પી.બી. યાપા, એકઝીકયુટીવ ડાયરેકટર શ્રી પ્રસનજીથ વિજયતિલકે, સિનિયર ડેપ્યુટી ડાયરેકટર પ્રિયંકારા વિલેગોડા, ઇન્ફોર્મેશન ઓફિસર શ્રી દિલીપ એસ. સમરાસિંઘે અને ડાયરેકટર (પ્રમોશન) શ્રી નિલુપુલ ડી સિલ્વા સાથે પણ મુલાકાત કરી હતી.

ચેમ્બરના પ્રમુખશ્રીએ મંત્રીશ્રીને જણાવ્યુ હતુ કે સુરત એમએસએમઇનું હબ છે, જયારે શ્રીલંકા ગારમેન્ટનું હબ છે. સુરતથી વિપુલ પ્રમાણમાં શ્રીલંકાને ફેબ્રિકસ આપી શકાય છે. આથી શ્રીલંકા ખાતે ટેક્ષ્ટાઇલ એકઝીબીશનનું સાથે મળીને આયોજન કરી શકાય તેમ છે. જેમાં શ્રીલંકાના ઉદ્યોગપતિઓ અને સુરતના લઘુ ઉદ્યોગકારો ભાગ લઇ શકશે તેમજ ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને વેગ આપી નવી દિશામાં લઇ જઇ શકાશે. આ મિટીંગમાં સુરત અને શ્રીલંકા વચ્ચે વેપારીક સંબંધો વિકસાવવા માટે મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ચેમ્બરનું ડેલીગેશન ઇન્ડીયન એમ્બેસીના ડેપ્યુટી હાઇ કમિશનર ઓફ ઇન્ડીયા શ્રી વિનોદ કે. જેકબ અને ઇકોનોમિક એન્ડ કમર્શિયલ વીંગના હેડ સુશ્રી સુજા કે. મેનનને પણ મળ્યુ હતુ. ચેમ્બરના પ્રમુખશ્રીએ સ્પાર્કલ, ઉદ્યોગ અને ફૂડ એન્ડ એગ્રીટેક એકઝીબીશન્સની વિસ્તૃત ચર્ચા કરી હતી. આ તમામ એકઝીબીશન્સના બ્રોશર પણ તેઓને આપ્યા હતા અને શ્રીલંકાના ઉદ્યોગપતિઓ અને વેપારીઓ સુધી ચેમ્બરના આ એકઝીબીશન્સની માહીતી પહોંચાડવા માટેની વ્યવસ્થા તેમના દ્વારા ગોઠવવામાં આવે તેમ અનુરોધ કરવામાં આવ્યો હતો.

ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન શ્રીમતી પૂર્વી મહેતા, કો–ચેરપર્સન શ્રીમતી પૂનમ દેસાઇ, ભુતપુર્વ ચેરપર્સન શ્રીમતી છાયા મહેતા, સભ્ય શ્રીમતી રમીલાબેન નાવડીયા, શ્રીમતી નમ્રતા દેસાઇ, શ્રીમતી રેખાબેન પાઠક અને શ્રીમતી દક્ષા મોદીએ પણ ઇન્ડીયન એમ્બેસીની મુલાકાત લઇ વિમેન એમ્પાવરમેન્ટ વિશે ચર્ચા કરી હતી. લેડીઝ વીંગે ચેમ્બર દ્વારા યોજાનારા 'વિમેન આંત્રપ્રિન્યોરશિપ એકઝીબીશન WEE - 2020' માં પધારવા માટે આમંત્રણ આપ્યુ હતુ.

આ ઉપરાંત ચેમ્બરના ડેલીગેશને કોલમ્બો ખાતે નેશનલ જેમ એન્ડ જવેલરી ઓથોરીટીના જેમ એન્ડ મીનરલ્સના કન્સલ્ટન્ટ ડો. પ્રશાન ફ્રાન્સીસ, શ્રીલંકા જેમ એન્ડ જવેલરી એસોસિએશનના લેપીડરી સેગ્મેન્ટના વાઇસ ચેરમેન શ્રી અહેમદ શારીક અને એક્ષ્પોર્ટ સર્વિસિસ એન્ડ એક્ષ્પોર્ટ માર્કેટીંગના આસિસ્ટન્ટ ડાયરેકટર શ્રીમતી અયોમા ડાયસની મુલાકાત લીધી હતી તેમજ સુરત ખાતે બનેલા જેમ એન્ડ જવેલરી પાર્ક – ગુજરાત હીરા બુર્સ અને બનવા જઇ રહેલા સુરત ડાયમંડ બુર્સ વિશે ચર્ચા કરી હતી.

ચેમ્બર દ્વારા ડિસેમ્બર ૨૦૧૯માં યોજાનારા 'બી ટુ બી સ્પાર્કલ એકઝીબીશન'માં પાર્ટીસિપેન્ટ્સ કરવા માટે નેશનલ જેમ એન્ડ જવેલરી ઓથોરીટીને આમંત્રણ આપ્યુ હતુ. સાથે જ સ્થાનિક હીરાના વેપારીઓને બાયર્સ તરીકે સુરતના સ્પાર્કલ એકઝીબીશનમાં લઇ આવવા માટે અનુરોધ કર્યો હતો. જેથી કરીને શ્રીલંકાના હીરાના વેપારીઓ સુરતના હીરા મેન્યુફેકચરર્સના સીધા જ સંપર્કમાં આવી શકે અને હીરા ઉદ્યોગને વધુ વેગ મળી શકે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેલીગેશને શ્રીલંકાની ધી નેશનલ ચેમ્બર ઓફ કોમર્સની પણ મુલાકાત લીધી હતી. ચેમ્બરના ડેપ્યુટી પ્રેસિડેન્ટ શ્રી દીપલ નેલ્સન, સેક્રેટરી જનરલ / સીઇઓ શ્રી બંદુલા ડીસાનાયકે તથા અન્ય હોદ્દેદારોને મળ્યા હતા તેમજ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે ચર્ચા કરી હતી. સાથે જ તેમને સ્પાર્કલ, ઉદ્યોગ અને ફૂડ એન્ડ એગ્રીટેક એકઝીબીશન્સના બ્રોશર આપી સુરત ખાતે પધારવા માટે આમંત્રિત કર્યા હતા.